# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૨ :-suratdeo@gmail.com

web :-www.suratdeo.org


ક્રમાંક:GPF/દરખાસ્ત/૨૦૨૬/ 6863 તા.30/૦૫/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ-સુરત.

વિષય:- રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં કર્મચારીઓ પૈકી નવી પેન્શન યોજનામાંથી જૂની પેન્શન યોજનામાં સમાવેલ કર્મચારીઓના PRAN, PPAN, GPFની વિગતો રજૂ કરવા બાબત

સંદર્ભ:- કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના તા.૨૭/૦૫/૨૦૨૬ના પત્ર ક્રમાંક: COS/0669/05/2026

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીનાં નાણાંવિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવ મુજબ જૂની પેન્શન યોજનાનો લાભ મેળવવા અંગેની નિયત પાત્રતા ધરાવતાં બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવાનો હુકમ કમિશનરશ્રી શાળાઓની કચેરી દ્વારા કરવામાં આવેલ છે અને તેવા કર્મચારીઓની વિગતો આ સાથે સામેલ ગૂગલ લીંકમાં સોમવારે સાંજે ૪:૦૦ કલાક સુધીમાં મોકલી આપવા જણાવવામા આવે છે.

ઉક્ત માહિતી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી (ડી.પી.પી.એફ.) કચેરી ગાંધીનગરને રજૂ કરવાની થતી હોઇ તમામ વિગતોની ચોકસાઈપૂર્વક ચકાસણી કરી સદર માહિતી નિયત સમયમર્યાદામાં બિનચૂકપણે ઓનલાઇન લીંકમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. સદર લીંકમાં Joining Date (Fix Pay), Joining Date (Full Pay), Retirement Date વગેરે વિગતો DD/MM/YYYY ફોર્મેટમાં જ ભરવાની રહેશે.

અન્ય કોલમોની માહિતી અત્રેની કચેરી દ્વારા ગૂગલ શીટમાં ભરવામાં આવેલ છે. અત્રેની કચેરી દ્વારા ઓનલાઇન લીંકમાં ભરેલ માહિતીની ચકાસણી કરી લેવાની રહેશે. અત્રેની કચેરી દ્વારા ઓનલાઇન લીંકમાં ભરેલ માહિતીમાં કોઇ સુધારો હોય તો સોમવારે સવારે ૧૨:૦૦ વાગ્યા સુધીમાં અત્રેની કચેરીની GPF શાખામાં ફોન કરી માહિતીમાં સુધારો કરાવવાનો રહેશે.ત્યારબાદ અત્રેથી કોઇ સુધારો કરવામાં આવશે નહી. તેમજ સદર લીંક સોમવારે સાંજે ૪:૦૦ કલાક બાદ બંધ કરવામાં આવનાર હોઇ સદર બાબતને ટોચ અગ્રતા આપી માહિતી ચોકસાઈપૂર્વક ભરવાની રહેશે.

| ઓનલાઇન લીંક | QR CODE |
|---|---|
| https://docs.google.com/spreadsheets/d/1NYhL7n-sn6W_O4Nyt_OZQK4wK6iTzYZhrsXCNVxMA_0/edit?gid=0#gid=0 | |

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ-સુરત

Scanned with OKEN Scanner

No: COS/0669/05/2026 Approved Date: 27-05-2026

અગત્યનું/સમયમર્યાદા

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેક્ટર ૧૯, ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ.

**વિષય : રાજ્યની** બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં નવી પેન્શન યોજનામાંથી જૂની પેન્શન યોજનામાં સમાવેલ કર્મચારીઓના **PRAN PPAN GPF** ની વિગતો રજુ કરવા બાબત

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સરકારશ્રીનાં નાણાંવિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવ મુજબ જુની પેન્શન યોજનાનો લાભ મેળવવા અંગેની નિયત પાત્રતા ધરાવતાં બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવાનો હુકમ અત્રેની કચેરી દ્વારા કરવામાં આવેલ છે તેવા કર્મચારીઓની વિગતો આ સાથે બિડાણમાં સામેલ નિયત પત્રક 'A' માં હાર્ડ કોપી (સહી સાથેની પી.ડી.એફ. ફાઈલ અને ફોરવર્ડિંગ) તથા સોફ્ટ કોપી (એકસેલ ફાઈલ) દિન-૦૨ (બે) માં રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

ઉક્ત માહિતી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી (ડી.પી.પી.એફ.) કચેરી ગાંધીનગરને રજુ કરવાની થતી હોય તમામ વિગતોની ચોકસાઈપૂર્વક ચકાસણી કરી દિન-૦૨ (બે) ની સમયમર્યાદામાં અત્રેની કચેરીને બિનચુકપણે મોકલી આપવા આથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને જણાવવામાં આવે છે.

**બિડાણ : નિયત્ર પત્રક 'A'**

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

## પત્રક : 'A'

### PRAN PPAN GPF details of NPS to OPS employees

| Sr No. | Name | Joining Date (Fix Pay) | Joining date (Full pay date) | Retirement date | Department | School Name (હાલની શાળા) | PRAN (12 Digit) | PPAN (16 Digit) | GPF NO. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| | | | | | શિક્ષણ વિભાગ | | | | |

ખાસ નોંધ : ૧) ઉક્ત પત્રકમાં શાબ્દિક વિગતો જેવી કે કોલમ નં.૦૨, ૦૬ અને ૦૭ ની વિગતો ફરજિયાત ગુજરાતીમાં ભરવાની રહેશે. જ્યારે તમામ આંકડાકીય વિગતો જેવી કે કોલમ નં.૦૩, ૦૪, ૦૫, ૦૮, ૦૯ અને ૧૦ ની વિગતો ફરજિયાત અંગ્રેજીમાં ભરવાની રહેશે.

૨) તમામ **Date** માં અંગ્રેજી અંક અને **DD/MM/YYYY** ફોર્મેટ જ રાખવું.

૩) **PRAN, PPAN, GPF** ની આંકડાકીય વિગતોમાં અંગ્રેજી અંક અને **Number Format** માં **TEXT** ફોર્મેટ રાખવું જેથી આંકડાકીય વિગતોનું ફોર્મેટ જળવાઈ રહે.

8410

જિલ્લા શિક્ષણાધિકારીની સહી અને સિક્કો

2915

2915

Validity unknown
Signed by Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date:2026.05.27 18:08:02 +5:30

File No: COS/MIS/e-file/276/2026/1853/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*



Scanned with OKEN Scanner